


સુવિચાર : મોતનો આઘાત તો જીરવી જવાશે એક દિન, જીંદગીના ઘાવ જે ઝીલે તે શક્તિમાન - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૦ ૧૯ જુલાઇ, ૨૦૧૫, રવિવાર ; અષાઢ સુદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જગન્નાથજીની રથયાત્રા ઉલ્લાસપૂર્ણ માહોલમાં સંપન્ન

## રથયાત્રા નિયત સમયે નિકળી : વેશભુષામાં સજ્જ બાળકો તેમજ અખાડાના કરતબો આર્કષણનુ કેન્દ્ર બન્યા

## મોસાળામાં ૪ હજાર ભાવિકોએ પ્રસાદ લીધો : વરસાદી વાદળો વિખેરાતા ભાવિકો અસહય બફારાથી ભીંજાયા

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં આજે ભગવાન જગન્નાથજીની ૩૧મી રથયાત્રા ઉત્સાહપૂર્વક દબદબાભેર નીકળી હતી. સવારે ૭:૧૦ ના ટકોરે સે-૨૨ પંચદેવ મંદિર ખાતેથી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીની ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથજી બલરામજી તેમજ સુભદ્રાજીની નવનિર્મિત મુર્તિની પૂજાવિધિ અને આરતી બાદ રથયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. રથયાત્રાના પ્રસ્થાન પ્રસંગે મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ મેયર હંસાબેન મોદી ધારાસભ્ય શંભુજી ઠાકોર અશોક પટેલ પ્રવિણ પટેલ રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા નગરના અગ્રણી અરુણ બુચ સહિતના આગેવાનો તેમજ ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. જય રણછોડ માખણ ચોર..ના જયઘોષ વચ્ચે રથયાત્રા પંચદેવમંદિરથી આગળ વધી હતી. રથયાત્રામાં હાથી ઘોડા પાલખી સાથે ભજન મંડળી અશ્વસવારો તેમજ વિવિધ ધાર્મિક પાત્રોમાં સજ્જ બાળકો જોડાયા હતા ડી જે ના તાલે ઢોલ નગારાના ધમધમાટ વચ્ચે રથયાત્રાનુ ભવ્ય પ્રસ્થાન થયુ હતું.

પંચદેવ મંદિરથી સવારે દિવ્ય પ્રભાતે રથયાત્રાના પ્રસ્થાન બાદ ભગવાન જગન્નાથજીનો રથ યાત્રાના નિયત રૂટમાં સે-૨૨ તરફ આગળ વધ્યો હતો. રથયાત્રા સે-૨૨ શોપિંગ સેન્ટર પહોંચતા વેપારી અગ્રણીઓએ રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતું.ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં સૌ પ્રથમ ગજરાજ અને તેના પર ભારતમાતા સહિત વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો દશ્યમાન થયા હતા.ત્યારબાદ રથયાત્રા સમિતિની પાઈલોટીંગ કાર અને ટ્રેકટરમાં જય ગોગા મહારાજ અખાડાના યુવાનો જોડાયા હતા.ડી જે ઢોલ નગરા અને ભજન મંડળીના તાલે ધુમ મચાવતી રથયાત્રમાં ધર્મ રક્ષક દળના યુવાનો હાથમાં ધ્વજ પતાકા લહેરાવતા યાત્રામાં જોડાયા હતા.રથયાત્રાના પ્રારંભે પંચદેવ યુવક મંડળના યુવાનોની સાથે ગુડાના ચેરમેન આશિષ દવે ધારાસભ્ય અશોક પટેલ તેમજ કોર્પોરેટર પ્રવિણ પટેલે ભગવાનનો રથ આગળ ખેંચ્યો હતો. ત્યારબાદ ધારાસભ્ય તેમજ કોર્પોરેટરે વિસામા સુધી રથ ખેચી યાત્રાની સાથે જોડાયેલા રહયા હતા. રથયાત્રામાં પ્રસાદનો રથ પ્રસાદનુ ટ્રેકટર અને ત્યારબાદ બગી જોવા મળી હતી. ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીના રથ સ્વંયસેવકોએ જાતે જ ખેંચવાનુ શરૂ કરતા તેઓ રથમાંથી નીચે ઉતરી પગે ચાલીને યાત્રામાં જોડાયા હતા. જો કે બાદમાં વ્યવસ્થા થતા રથમાં બેસી ગયા હતા. સશોભિત બગીમાં મહાદેવ અને

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં ઉમળકાભેર સ્વાગત ભગવાનના દર્શન માટે ભાવિકોની ભીડ જામી
## જયરણછોડ માખણચોરના જયઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠયા





### અમી છાંટણા ન થતાં ભગવાન કોરા રહી ગયા

ગાંધીનગર, તા. ૧૮

આજે અષાઢી બીજે જગતના નાથ ભગવાન જગન્નાથજી સ્વયં નગરચર્યાએ નીકળ્યા હતા. તેમ છતાં વરસાદના દેવ ઈન્દ્રનું ધરતી પર આગમન ન થતા ભગવાનને પણ કોરૂ કોરૂ જ રહેવુ પડ્યું હતું. પરિણામે રથયાત્રામાં ખુદ ભગવાન સાથે ભાવિક ભક્તોએ પણ દિવસભર અસહ્ય ગરમી અને બફારો સહન કરવો પડ્યો હતો. ગરમી અને બફારાને પગલે ભાવિકો આકુળ વ્યાકુળ થઈ ગયા હતા. આજે અમી છાંટણા ન થતા જગતના નાથથી ભગવાન ઈન્દ્ર રીસાઈ ગયા હોય તેવુ લાગી રહ્યું હતું.

### વૃક્ષોનું ટ્રીમીંગ ન થતા કયાંક કયાંક રથયાત્રાએ રૂટ બદલવો પડયો

ગાંધીનગર રથયાત્રા સમિતિએ રથયાત્રાના રૂટ પર નમી પડેલ વૃક્ષની ડાળીઓના ટ્રીમીંગ કરવા રજૂઆત કરી હતી તેમ છતાં આળસુ વનવિભાગે આ રૂટ પરની જોખમી ડાળીઓને કાપવાની વાત તો દૂર તેને જોવાની તસ્દી પણ લીધી નથી ઠેર ઠેર રૂટ પરના ભાવિકોએ યાત્રા દરમિયાન ઝુકેલી ડાળીઓથી મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો.

*Serving your health with excellence and ethics.*



aashka
MULTISPECIALITY HOSPITAL

THE LARGEST TERTIARY CARE HOSPITAL OF GANDHINAGAR

Aashka Hospitals Pvt. Ltd.
Near N.I.D & Dhirubhai Ambani IICT campus,
Mahatma Mandir to Gift City Road, Gandhinagar.

www.aashkahospitals.in
For emergency, call:
7575007707, 9879752777

INITIATOR
PYRAMID